
# યુનિવર્સિટી ન્યૂઝ

## ટેનિસ-ગૌરવ

મહારાષ્ટ્ર યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સ, નાસિક મુકામે આંતર યુનિવર્સિટી ટેનિસ (બહેનો)ની ટીમ સૌ પ્રથમવાર ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. કુલપતિશ્રીએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેક્ટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમ સાથે કોચ શ્રી દિનેશ લેકીનવાલા અને મેનેજર તરીકે શ્રી મોહનભાઈ સી. પટેલે સેવા બજાવી હતી. ટીમ : (૧) કુ. મહાનસરીયા આયુષી અનિલભાઈ (ઈવનિંગ કોમર્સ કોલેજ, સુરત), (૨) કુ. ઠાકોર ભાવિની દિલીપસિંહ (ડિપાર્ટમેન્ટ ઓફ બાયો ટેક. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.



## વિદાય




યુનિવર્સિટી પરિવારનાં શ્રીમતી ઉર્મિલાબેન એન. વાઘેલા (કાર્યાલય અધિક્ષક, યુ.જી.સી./લીગલ સેલ), શ્રી જયંતિલાલ જે. રાણા, (જુનિયર સ્ટેનોગ્રાફર/કુલસચિવશ્રીના ઈ.ચા. અંગત મદદનીશ), કુ. હિલ્લા આર. હિલ્લુ (ટેક. આસિ. ગ્રંથાલય), શ્રી મનહરભાઈ ડી. પટેલ (જુનિયર કલાર્ક, એકેડેમિક) અને શ્રીમતી ભારતીબેન આર. સુરતી (સિનિયર કલાર્ક, પરીક્ષા) નિવૃત થતાં તેમનો વિદાય સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષ સ્થાને તા. ૨૧-૧૦-૧૧ના રોજ સરદાર પટેલ સેનેટ હોલમાં યોજાઈ ગયો. આ પ્રસંગે કુલપતિશ્રી અને કુલસચિવશ્રીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

## Appoinment



Dr. Gaurav Shah, Coordinator of M.Sc. Biotechnology Course at University Biotechnology Department has been elected as member of Gujarat Science Academy (GSA), Ahmedabad. The GSA was established in 1978 as a voluntary organisation with the idea of bringing together a common platform leading scientists and technologists of the Gujarat State, so that the abilities and talent can be collectively used to help the process of development of Gujarat. The activities such as exhibition, science quiz, panel discussion and science fair are the areas where GSA is very active.

## ગ્રંથદાન

યુનિવર્સિટી ગ્રંથાલયને સપ્ટેમ્બર-ઓક્ટોબર માસ દરમ્યાન ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ પુસ્તકોની વિગત.

૧. ડાયરેક્ટરશ્રી, સેન્ટ્રલ હિન્દી ડાયરેક્ટર ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન, નવી દિલ્હી. (૫૦ પુસ્તકો)
૨. સાધના સાપ્તાહિક, અમદાવાદ (૩ પુસ્તકો)
૩. શ્રી બી.જે. અંકુયા, સુરત (૮ પુસ્તકો)
૪. શ્રી યુ.વી. ડેનીયલ, સુરત (૨ પુસ્તકો)

# કોલેજ ન્યૂઝ

## માર્ગદર્શન

સરકારી વિનયન-વાણિજય કોલેજ, ભીલાડમાં તા. ૧૩-૧૦-૧૧ના રોજ યોજવામાં આવેલ કેરીયર કોર્નર કાર્યક્રમમાં પ્રિ. આર.એમ. પાંડેયએ વિદ્યાર્થીઓને રોજગાર વિષયક માહિતી પ્રદાન કરી હતી. તદ્‌પરાંત કેરીયર કોર્નરના ઉપક્રમે તા. ૧૫-૧૦-૧૧ના રોજ કોલેજમાં રોજગાર કચેરીના કર્મચારીઓને બોલાવીને વિદ્યાર્થીઓના નામની નોંધણી કરાવવામાં આવી હતી.

## એન.એસ.એસ.

મુખ્યમંત્રીશ્રીની નવસારીની સદ્‌ભાવના મિશન હેઠળની મુલાકાત અંતર્ગત એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારીએ એન.એસ.એસ. અંતર્ગત સદ્‌ભાવના મિશન રેલીનું આયોજન કર્યું હતું. કોલેજ પરિવાર દ્વારા વિવિધ બેનરોનું પ્રદર્શન કર્યું હતું. તદ્‌પરાંત એન.એસ.એસ. દ્વારા તા. ૨૨-૧૦-૧૧ના રોજ સામુદાયિક સેવા યોજના અંતર્ગત નવસારીના વિવિધ વિસ્તારોમાંથી જીવન જરૂરિયાત ચીઝો એકત્રિત કરીને નવસારીની ઝુપડપટ્ટી વિસ્તારમાં વિતરણ કર્યું હતું.



રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત તા. ૩૦-૦૯-૧૧ના રોજ સ્વયંસેવિકાઓ માટે ઓરિએન્ટેશન કેમ્પનું આયોજન એચ.આર. શાહ મહિલા આર્ટસ-કોમર્સ કોલેજ, નવસારીમાં કરવામાં આવ્યું હતું. કેમ્પમાં મુખ્ય વકતા તરીકે શ્રી એ.એન. માલવીયા ઉપસ્થિત રહયા હતા. શ્રી માલવીઆએ સ્વયંસેવિકાઓને રાષ્ટ્રીય સેવા યોજના, તેના પ્રતીક ચિહ્‌ન તેમા વપરાયેલા રંગો, વિશે જ્ઞાનવર્ધક માહિતી આપી અને એન.એસ.એસ.ના મંત્ર 'પોતાના માટે નહીં, બીજા માટે જીવો' ને સમજાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. નજમા એ. મલેકે કર્યું હતું. મહેમાનશ્રીનું સ્વાગત તથા પરિચય આચાર્યશ્રી ડૉ. જી.બી. શુકલએ કર્યું અને આભારવિધિ પ્રા. પી.આર. માહયાવંશીએ કરી.

૨૦૧૧-૧૨ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન રાજયકક્ષાએ, રાષ્ટ્રીયકક્ષાએ તેમજ યુનિવર્સિટી કક્ષાએ યોજાતા વિવિધ કાર્યક્રમો માટે પ્રવૃત્તિઓમાં નિપૂણ વિદ્યાર્થીઓની યાદી બનાવવા માટેનો પસંદગી કેમ્પ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત મુકામે યોજાયો હતો જેમાં વી.એસ. પટેલ આર્ટસ-સાયન્સ કોલેજ, બીલીમોરાની પાંચ વિદ્યાર્થિનીઓએ સમૂહગીત, દેશભકિત અને નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં એન.એસ.એસ.ની ત્રણ વિદ્યાર્થિનીઓ પટેલ મેઘના, પટેલ દીપિકા અને પટેલ રશ્મિતાની ત્રિપુટીએ સમૂહગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૦૩-૦૯-૧૧ના રોજ પ્રિ. આર.ડી. પરેડ માટે પસંદગી કેમ્પ યોજાયો હતો. જેમાં વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરાની વિદ્યાર્થિની સ્વાતિ કે. પટેલની પસંદગી થઈ છે.

બરજોરજી પેસ્ટનજી બારિયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારીના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના ઉપક્રમે તા. ૨૪-૦૯-૧૧ના રોજ એન.એસ.એસ. સ્થાપ્ના દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. દીનાબેન વાય. ચાંપાનેરીએ સ્વાગત પ્રવચન થકી સર્વેને આવકાર્યા હતા. એસ.બી. ગારડા કોલેજ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અસ્પીભાઈ ફનીબંદા, વાઈસ પ્રિન્સીપાલ કેપ્ટન આર.એન. ઠાકોર, ફીઝીકસ વિભાગના વડા ડૉ. ડી.બી. પટેલ, એન.એસ.એસ. એડવાઈઝરી કમિટી મેમ્બર્સ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તથા રાષ્ટ્રીય સેવા યોજના સાથે સંકળાયેલા સ્વયંસેવક ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમ વેળા યુનિવર્સિટી કક્ષાએ એક પાત્રીય અભિનય, કવીઝ, વકતૃત્વ સ્પર્ધા તથા પ્રિ. આર.ડી. પરેડ માટે પસંદગી પામેલ સ્વયંસેવકોનું બહુમાન મહાનુભાવો મારફત તથા યુનિવર્સિટી એન.એસ.એસ. એડવાઈઝરી કમિટી મેમ્બર તરીકે પસંદગી પામનાર પ્રા. શ્રીમતી ડૉ. સ્વાતીબેન ડી. નાયકનું બહુમાન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. એકતાબેન દેસાઈના વરદ હસ્તે પુષ્પથી કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ.ની આનુસાંગીક કામગીરી સંભાળતા શ્રી હર્ષવદન લાડનું બહુમાન ટ્રસ્ટીશ્રી અસ્પીભાઈએ પુષ્પથી કર્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી શ્રી અસ્પીભાઈ ફનીબંદા, વાઈસ પ્રિન્સીપાલ કેપ્ટન આર.એન. ઠાકોર એન.એસ.એસ. સલાહકાર સમિતિના સભ્ય પ્રા. મુકેશભાઈ જે. ટંડેલ પ્રા. ભરતભાઈ એન. પરમાર તથા ડૉ. સ્વાતીબેન નાયકએ પ્રાસંગિક ઉદ્‌બોધન મારફત સ્વયંસેવકોની સિધ્ધિઓ તથા કામગીરીને બિરદાવી ભાવિ કામગીરી માટે અભિનંદન સહ શભેચ્છા પાઠવી હતી. શૈક્ષણિક વર્ષની શરૂઆતથી રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક ભાઈ-બહેનો થકી હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતીનો ઉલ્લેખ તથા કાર્યક્રમનું સંચાલન પ્રાગ્રામ ઓફિસર પ્રા. એન.પી. ટંડેલ એ તથા આભારવિધિ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. વિનય કે. પટેલએ આટોપી હતી. સંસ્થા ખાતે કાર્યરત ''યુવા'' કલબના વિદ્યાર્થીઓ થકી ત્રણેય એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રીઓનું પુષ્પથી સ્વાગત કર્યું હતું.



## સપ્તધારા

તા. ૧૭-૧૦-૧૧ના રોજ રોફેલ આર્ટસ-કોમર્સ કોલેજ, વાપીમાં યોજાયેલ સપ્તધારા કાર્યક્રમમાં સરકારી વિનયન-વાણિજય કોલેજ, ભીલાડના વિદ્યાર્થીઓએ પ્રા. જશવંત રાઠોડના માર્ગદર્શન તળે 'રાધા મળી ગઈ' નાટક રજુ કરીને પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

## ઊજવણી

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં ગાંધી જયંતિ નિમિત્તે પુસ્તક પ્રદર્શન, ગાંધીજીના જીવનની ઝાંખી દર્શાવતા ચિત્રોનું પ્રદર્શન તથા ગાંધીજીએ કરેલ સત્યાગ્રહો વિશેની એલ.સી.ડી. પ્રોજેકટર દ્વારા ઝાંખી દર્શાવવામાં આવી હતી. તદ્‌પરાંત નવરાત્રી પર્વ નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમા આરતી શણગારમાં પ્રથમ-ચાંપાનેરી મોનિકા, દ્વિતીય-શુકલ માનસી તથા માટલી શણગારમાં પ્રથમ-માહયાવંશી અલ્પા, દ્વિતીય-વસાવા ભારતી, બેસ્ટ ડ્રેસીંગ સ્પર્ધામાં પ્રથમ-ઠાકોર કનૈયાજી, તથા બહેનોમાં પ્રથમ-પટેલ ચિંતલ તથા બેસ્ટ એકશનમાં ભાઈઓમાં પ્રથમ-પટેલ અનિલ તથા બહેનોમાં પ્રથમ-પટેલ ચિંતલ વિજેતા રહયા હતા. આ પ્રસંગે ભારત એજયુકેશન ટ્રસ્ટના હોદ્દેદારોના હસ્તે વિજેતા મિત્રોને ઈનામો આપવામાં આવ્યા હતા.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્. જહાંગીરપુરામાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અતિથિ તરીકે જે.ઝેડ. શાહ આર્ટ્સ કોલેજ અમરોલીના હિન્દી વિભાગના પ્રા. શ્રી રુદ્રનાથ ઝા ઉપસ્થિત રહયા હતા. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રભાષા હિન્દી અંગે વિવિધ વિદ્વાનોના મંતવ્યો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં હિન્દીવૃંદના તાલીમાર્થીઓએ વૈવિધ્યસભર કૃતિઓની રજૂઆત પ્રા. દિનેશભાઈ વાઘના માર્ગદર્શન હેઠળ કરી હતી. કાર્યક્રમના ઉદ્‌ઘોષક તરીકે પ્રશિક્ષણાર્થી ભોયે સીતારામ અને ચૌધરી જયોતિએ કામગીરી કરી હતી. તદ્‌પરાંત સામાજિક વિજ્ઞાન મંડળના તાલીમાર્થીઓ દ્વારા ગાંધી જયંતી, લાલબહાદુર શાસ્ત્રીની જયંતી અને World parent's Day ના ત્રિવિધ પર્વ અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં પ્રાર્થના, ભજન, ગાંધીજીનું જીવનદર્શન અને માતાપિતાની ઘરડાઘર મોકલવાની આજની વર્તમાન પરિસ્થિતિ અનુરૂપ નાટિકાની રજુઆત થઈ હતી. આ કાર્યક્રમ પ્રા. મિનાક્ષી એમ. જરીવલાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો અને કાર્યક્રમમાં ઉદ્‌ઘોષિકા તરીકેની ભૂમિકા તાલીમાર્થીની શર્મા સીમાએ ભજવી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં મહાવિદ્યાલયના પરિવારે તા. ૩-૧૦-૧૧ના રોજ નવરાત્રી પર્વની ઉજવણી કરી. પ્રા. ડૉ. એમ.એન. પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ પ્રાર્થના, નાટક, સમૂહગીત, વકતવ્યો, દોહા-છંદ કૃતિઓ રજૂ કરીને હિન્દી દિવસની ઉજવણી કરી હતી. ઈ.ચા. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકના

માર્ગદર્શન હેઠળ 'પ્લાસ્ટિક બેગની માયાજાળ' વિષય અંતર્ગત પ્રદર્શન અને પાવર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

@ ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, એમ.એડ્.માં નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી. સમગ્ર અધ્યાપક ગણ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ બી.એડ્. અને એમ.એડ્.ના સંયુકત ઉપક્રમે યોજાયો હતો.

@ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન માંગરોલ ખાતે તા. ૧૫-૯-૧૧ના રોજ 'હિન્દી દિન' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હિન્દી વિષયના તાલીમાર્થીઓ દ્વારા હિન્દીભાષાનું મહાત્વ તેમજ હિન્દીભાષાની વર્તમાન પરિસ્થિતિ વિશે માહિતી આપી હતી. તેમજ પ્રા. યોગેશ પટેલ તથા ઈ.ચા. આચાર્ય મનોજભાઈ રામી તેમજ અન્ય અધ્યાપગણોએ હિન્દીભાષા વિશે માહિતી આપી હતી અને કોલેજ પરિવારે ૧૧ થી ૫ના સમયગાળામાં હિન્દીભાષાનો ઉપયોગ કર્યો.

@ શ્રી એમ.કે. મહેતા કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરગામમાં તા. ૫-૦૯-૧૧ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થી ભાઈઓ-બહેનોએ શિક્ષકદિનના સંદર્ભમાં વિવિધ વકતવ્યો, ભજનો અને નાટકની પ્રસ્તુતિ કરી હતી. આચાર્ય અને પ્રાધ્યાપકો દ્વારા તૈયાર કરેલ સંપુટનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. ઈન્ચાર્જ આચાર્યશ્રી જિતેન્દ્રભાઈ બી. પટેલે તાલીમાર્થીઓને આશીર્વચનો આપ્યા હતા. અને શ્રેષ્ઠ શિક્ષક બનવા માટેનો દ્રઢ સંકલ્પ કરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી બહેન તેજલ ટેલર દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તા. ૧૪-૦૯-૧૧ના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વર્ગખંડને હિન્દી કવિઓ અને લેખકોના ફોટા, સુત્રો દ્વારા સુશોભિત કરવામાં આવ્યો હતો. તાલીમાર્થીઓ દ્વારા ભજન, વકતવ્ય, નાટક, કાવ્યપઠન, સમૂહગીત, દેશભકિતગીત અને ગઝલની રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પટેલ પારૂલ અને પટેલ કિંજલ દ્વારા કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓને હિન્દી દિનની ઉજવણી કરવા માટેનું માર્ગદર્શન હિન્દી વિષયના પ્રાધ્યાપક પટેલ વિપૂલભાઈ તરફથી આપવામાં આવ્યું હતું. તદ્પરાંત તા. ૧૬-૯-૧૧ના રોજ વિશ્વ ઓઝોન દિનની ઉજવણી કરવામાં આવી હતી. તાલીમાર્થીઓ દ્વારા ઉમરગામમાં પર્યાવરણ જાગૃતિ અંગે રેલી કાઢવામાં આવી હતી. આ રેલી દરમિયાન તાલીમાર્થીઓ દ્વારા ગામના લોકોને જાગૃત કરવા માટે પ્લાસ્ટીકની થેલીથી થતું નુકશાન અને કાપડની થેલીના ફાયદા સમજાવતા કાપડની ૧૦૦ થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ વિશ્વ ઓઝોન દિન નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓ દ્વારા પર્યાવરણને અનુરૂપ ગરબા, નાટક, વકતવ્ય, સમૂહગીત, કવ્વાલી જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત ઈ.આચાર્ય શ્રી જીતેન્દ્રભાઈ બી. પટેલ દ્વારા તાલીમાર્થીઓને પર્યાવરણ જાગૃતિ અંગે પ્રેરણા પૂરી પાડી હતી.

@ શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, વેસુ-ભરથાણામાં ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી. જેમાં ગાંધી જયંતિને અનુરૂપ તાલીમાર્થીઓએ વકતવ્યો, નાટક, ભજન રજૂ કર્યા ઉપરાંત પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. ગાંધી સપ્તાહની ઉજવણી નિમિત્તે ભારતી મૈયા વૃધ્ધાશ્રમ વેસુમાં સામાજીક કાર્ય અને મુલાકાત યોજાઈ હતી. જેમાં વિવિધ પ્રવૃત્તિઓ તથા વિચાર ગોષ્ઠિ થઈ હતી. કોલેજ પરિવાર તરફથી વડીલો માટે અલ્પાહાર અને ભોજનની વ્યવસ્થા થઈ હતી. તદ્પરાંત નવરાત્રી મહોત્સવ પ્રસંગે નવરાત્રી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બેસ્ટ એકસનમાં પ્રથમ-નીલમ પટેલ, દ્વિતીય-દર્શના પટેલ, તૃતીય-ચૈતાલી તેમજ વેલ ડ્રેસમાં પ્રથમ-પંડ્યા જૂહી, દ્વિતીય હેમાક્ષી, તૃતીય આમરે માધુરી તથા બેસ્ટ ફી મેલ ફોરમ પટેલ અને બેસ્ટ મેલ મૈસુરીયા નિલેશ વિજેતા થયા. નિર્ણાયક તરીકે પ્રા. પાયલ પટેલ તથા પ્રા. અમૃતભાઈ વળવીએ સેવા આપી હતી.

સર્વોદય બી.એડ્. કોલેજ, સુરતમાં ગાંધીજયંતીની ઉજવણી ટ્રસ્ટી શ્રી શાસ્ત્રી સ્વામી જગતસ્વરૂપદાસજીના સાંનિધ્યમાં કરવામાં આવી હતી. જેમાં ગાંધીજીની તસ્વીરને સૂતરની આંટી પહેરાવી આચાર્યશ્રી દિલીપભાઈ આઈ. પટેલે શ્રદ્ધાંજલિ અર્પી હતી. ત્યારબાદ અતિથિ તેમજ આચાર્યશ્રીનું ખાદી અર્પી અભિવાદન કર્યું હતું. ગાંધીજીવન આધારિત કૃતિઓનું વિવેચન કરવામાં આવ્યું હતું. તદ્પરાંત ગાંધી જીવન-કવન પરનાં પુસ્તકોનું પ્રદર્શન અને ફોટાઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

ગાંધીજીના જન્મદિન તા. ૨જી ઓકટોબર ૨૦૧૧ના રોજ 'ઉત્સવ આનંદની' The Joy of Giving weekનો સમાપન કાર્યક્રમ શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર દ્વારા શાનદાર રીતે યોજવામાં આવ્યો હતો. કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના તથા સામુદાયિક સેવા ધારા અંતર્ગત સપ્તાહ દરમ્યાન નિબંધ, વકતૃત્વ, ચિત્ર, રંગોળી-સુશોભન, કાવ્યલેખન સ્પર્ધા, એકપાત્રીય અભિનયનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોકત કાર્યક્રમોના આયોજનમાં અંકલેશ્વર નગર સેવા સદન, રોટરેકટ કલબ ઓફ કડકીયા કોલેજ, નશાબંધી અને આબકારી ખાતું, જિલ્લા કચેરી, ભરૂચ, નશાબંધી મંડળ, ગુજરાત રાજય, અમદાવાદ, પૂર્વ છાત્ર-મંડળ, કડકીયા કોલેજ, અંકલેશ્વર. ચેતના વ્યસનમુકિત કેન્દ્ર, ભરૂચનો સહયોગ પ્રાપ્ત થયો હતો. સપ્તાહની ઉજવણીના સમાપન દિવસે કોલેજના વિદ્યાર્થીઓએ આચાર્ય તેમજ અધ્યાપકોની ઉપસ્થિતિમાં અંકલેશ્વર નગર સેવા સદનથી વિશાળ રેલી કાઢી હતી. અંકલેશ્વર નગરના મુખ્ય રાજમાર્ગ ઉપર નૃત્યગાન સહિત સૂત્રોચ્ચાર કરતાં કરતાં વિવિધ પોસ્ટરો દ્વારા પ્રજાને નશાબંધી તેમજ વ્યસનમૂકિત થકી મળતી સુખાકારીનો સંદેશ પ્રસારિત કર્યો. ગુજરાત રાજયના સહકાર તથા રમત-ગમત ખાતાના રાજયકક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલની વિશેષ ઉપસ્થિતિએ આ રેલીમાં સૌનો ઉત્સાહ વધાર્યો હતો. નગર સેવા સદનના પ્રમુખશ્રી સંદીપ પટેલ, આચાર્યશ્રી ડૉ. જગદીશ ગુર્જર, અંકલેશ્વર વિભાગના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી બી.એમ. પટેલ, નશાબંધી તથા આબકારી વિભાગના ભરૂચના અધિકારીશ્રી વસાવા, ચેતના વ્યસનમુકિત કેન્દ્રના પ્રમુખશ્રી, પૂર્વ છાત્ર મંડળના પ્રતિનિધિશ્રી ગજેન્દ્ર પટેલ, તાલુકા પંચાયત અંકલેશ્વરના પ્રમુખશ્રી લતાબેન વસાવા, નગર સેવા સદનના કાર્પોરેટરો, પૂર્વ છાત્રમંડળના સભ્યો, રોટરેકટ કલબ અંકલેશ્વરના સભ્યો તેમજ અગ્રગણ્ય નાગરિકોએ વિશાળ રેલીમાં હાજર રહી સફળ બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. મહાનુભાવોના હસ્તે પારિતોષિક અર્પણ કરવામાં આવ્યા. મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ કોલેજના ભૂતપુર્વ વિદ્યાર્થી છે. એમણે કોલેજના વિદ્યાર્થીઓના લાભાર્થે વિશાળ ઓડિટોરિયમ બનાવી આપવા ધારાસભ્ય તેમજ સંસદસભ્યની ગ્રાન્ટમાંથી બનતી સહાય કરવાની જાહેરાત કરી હતી. The Joy of Giving Week સપ્તાહના આયોજનમાં રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસરો ડૉ. વર્ષા સી. પટેલ તથા ડૉ. જયશ્રી ચૌધરી ઉપરાંત સામુદાયિક સેવા ધારાના કન્વીનર શ્રી પ્રા. હરેશ પરીખનું સંચાલન, સંકલન માર્ગદર્શન મળ્યું હતું.

@ તા. ૧-૧૦-૧૧ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન માંગરોલ ખાતે ગાંધીજયંતી દિનની ઉજવણીના ભાગરૂપે ૧) ગાંધીજીનું જીવનકવન, ૨) ગાંધીયુગના આંદોલન, ૩) ગાંધીજીનું શિક્ષણ ચિંતન વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં ૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ-પરમાર ચેતાનાબેન, બીજા-આહિર

નેહલબેન રહયાં હતાં. આ પ્રસંગે ઈ.ચા. આચાર્ય મનોજભાઈ રામીએ ગાંધીજીના વિચારો તેમજ વર્તમાન પરિસ્થિતિમાં તેમના વિચારોનો અમલ ગાંધીજીના કાર્યો તેમના ગુણો વિદ્યાર્થીઓ સામે વ્યકત કર્યા હતા.

## વ્યાખ્યાન

અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્.માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાનાં એજયુકેશન વિભાગના પ્રોફેસર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી ડૉ. રમેશચંદ્ર કોઠારી ''શિક્ષણમાં ગુણવત્તા'' વિષય ઉપર વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષી ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્બોધન આપ્યું હતું. ઈચા. આચાર્ય ડૉ. દિલિપભાઈ પટેલે આવકાર પરિચય આપી પુષ્પગુચ્છ વડે સ્વાગત કર્યું હતું. વકતાશ્રીએ પોતાના વકતવ્યમાં શિક્ષણની ગુણવત્તા માટે નમ્રતા, સમજણ, ઉત્સાહ, સર્જનાત્મકતા, નિદાન-ઉપચાર વગેરે મુદ્દાઓ ઉપર સદ્રષ્ટાંત અને રસપૂર્વકની માહિતી આપી હતી તથા તાલીમાર્થીઓને આ કોલેજમાં પ્રવેશ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આભારવિધિ ડૉ. પારૂલબેન નાયકે કરી અને ઉદ્ઘોષિકા તરીકે ડૉ. પત્રલેખાબેન બારડે સેવા આપી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે તા. ૨૨-૦૯-૧૧ના રોજ આંતર કોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજ, સુરતના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ જી. પટેલનું 'વ્યવહારવાદ' વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું.

કોલેજ ઓફ એજયુકેશન ખરોડ ખાતે શિક્ષણશાસ્ત્ર ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. મહેશચંદ્ર યાજ્ઞિકનું પ્રવચન યોજાઈ ગયું. પ્રારંભમાં આચાર્ય ડૉ. પ્રફુલસિંહ જે. રાજે ડૉ. યાજ્ઞિકને શાબ્દિક આવકાર આપ્યો હતો. ત્યારબાદ પુસ્તક પુષ્પથી આવકાર્યા હતા. ડૉ. ઈન્તેખબ અનસારીએ, પરિચય વિધિને ન્યાય આપ્યો હતો. ડૉ. મહેશચંદ્ર યાજ્ઞિકે શિક્ષક કેવો હોવો જોઈએ, તેની પાસેની અપેક્ષાઓ કઈ છે, જેવા મુદ્દાઓને વણી લઈને શિક્ષણની ફિલોસોફિકલ, મનોવૈજ્ઞાનિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ સ્પષ્ટ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આભારવિધિ ડૉ. જયંતભાઈ શાહે કરી હતી.

આર્ટસ-કોમર્સ કોલેજ, મોટાપોંઢામાં તા. ૨૭-૯-૨૦૧૧ના રોજ વાર્તાલેખકશ્રી પરેશભાઈ વ્યાસે (રાજકોટ) ''વિશ્વની ટૂંકી વાર્તાઓ'' વિષય ઉપર પ્રવચન આપ્યું હતું. તા. ૯-૯-૨૦૧૧ના રોજ સીકલ એસ અંતર્ગત બ્લડ તપાસવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તા. ૫-૯-૧૧ના રોજ યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૭૦૦ ફળરોપાઓ રોપવામાં આવ્યા. તા. ૧૦-૯-૧૧ના રોજ ''ચાલો કોલેજ'' અભિયાન અંતર્ગત ઉચ્ચશિક્ષણ વિભાગની ટીમે કોલેજની મુલાકાત લીધી. તા. ૫-૯-૨૦૧૧ના રોજ શિક્ષકદિનની ઊજવણી કરવામાં આવી. તા. ૧૪-૯-૧૧ના રોજ હિન્દી વિભાગે હિન્દી ભાષામાં કાવ્યપઠન, લેખન, વાચન, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે બ્લાઈન્ડ ડે કોઈ વિદ્યાર્થીઓએ ૨૫૦૦ રૂપિયા એકઠા કરી વલસાડની બ્લાઈન્ડ સંસ્થાને દાનસ્વરૂપે આપ્યા.

એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારીમાં તા. ૧૧-૧૦-૧૧ના રોજ સેફટી પેટ્રોલિંગ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત નવસારી શહેરના પોલીસ ઈન્સ્પેકટર ભાર્ગવભાઈ બી. પંડયાએ વિદ્યાર્થીઓને રોડ સેફટી પેટ્રોલિંગ ટ્રેનિંગ પ્રોગ્રામ વિશે સવિસ્તાર માહિતી-સમજણ આપી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં કોલેજ ઓફ એજયુકેશન, ખરોડના પ્રિ. ડૉ. પ્રફૂલ્લસિંહ રાજનું ''આજની તાતી જરૂરિયાતઃ શિક્ષકના વ્યાવસાયિક વલણો'' એ વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં વકતાશ્રીએ જીવંત ઉદાહરણો અને પ્રસંગો દ્વારા રજુ કરીને તાલીમાર્થીઓ ઉચિત વ્યાવસાયિક વલણો કેળવે તે અંગે અગત્યનું માર્ગદર્શન આપ્યું હતું.

તા. ૦૩-૧૦-૧૧ના રોજ પી.આર.બી. આર્ટસ અને કોમર્સ કોલેજ, બારડોલીના પ્રા. ડૉ. એ.આર. નાયકનું ''કારકિર્દી અને વ્યકિતત્વ વિકાસ'' ઉપર યુનિવર્સિટી વ્યાખ્યાનમાળા અંતર્ગત ઉધના સીટીઝન કોમર્સ કોલેજ, સુરતમાં વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. ડૉ. નાયકે કારકિર્દી વિકાસના સૂત્રો જેવા કે ભાષા, શૈક્ષણિક અભિગમ, સામાન્ય જ્ઞાન, વ્યાયામ અને રમતગમત, ઈ-વર્લ્ડ અને નિયમિતતા જેવા પાસાઓ પર ચર્ચા કરી હતી. વ્યકિતત્વ વિકાસ પર બોલતા તેમણે 'Top 10 Commands' આપ્યા હતા અને જણાવ્યું હતું કે જો વિદ્યાર્થી આનું અનુસરણ કરે તો તે જીવનમાં ખૂબ જ આગળ વધશે.

કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પુરસ્કૃત આંતર કોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ. કુમુદીનીબેન ઠાકર (નવયુગ કોમર્સ કોલેજ, સુરત)નું વ્યાખ્યાન યોજાઈ ગયું.''શૈક્ષણમાં ICTનો ઉપયોગ'' એ વિષય પર ડૉ. કુમુદીનીબેન ઠાકોરે અત્યંત રસપ્રદ અને અસરકારક વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમના પ્રારંભે આચાર્ય ડૉ. પ્રફુલ્લસિંહ જે. રાજે પ્રાસંગિક વિચારો રજૂ કર્યા હતા અને વકતાને આવકાર્યા હતા. આભારવિધિ ડૉ. ઈન્તેખાબ અનસારીએ કરી હતી. તદ્પરાંત કોલેજ ઓફ એજયુકેશન, ખરોડમાં યોજાયેલ કવિ સંમેલનમાં કવિ કિરણ ચૌહાણ, કવિ મહેશ દાવડકર તથા કવિ વિરેન્દ્ર ઘડિયાળીએ સ્વરચિત કાવ્યો, ગઝલો અને શેર શાયરી અસરકારક રીતે રજૂ કરી હતી. કિરણ ચૌહાણે કવિ સંમેલનનું જાણીતા કવિઓની પસંદગીયુકત પંકિતઓ, શાયરીઓથી જમાવટભરી રીતે સંચાલન કર્યું હતું. આચાર્ય પી.જે. રાજે કવિઓને આવકાર્યા હતા. ડૉ. જે.જે. શાહ અને ભાવિકા પટેલે પ્રતિભાવો રજૂ કર્યા હતા.

## સ્ટુડન્ટ કાઉન્સિલ

નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં તા. ૫-૧૦-૧૧ના રોજ આઠ વર્ગ ચુંટણી થઈ જેમાં ચાર સી.આર.ની ચૂંટણી થઈ અને બીજા આઠ બીનહરીફ સી.આર. તેમજ બે બહેનોની આચાર્યશ્રી દ્વારા એલ.આર. તરીકે નિયુકિત કરી સ્ટુડન્ટ કાઉન્સિલની રચના કરવામાં આવી. જેમાં જી.એસ. તરીકે શ્રી માંગુકીયા મિતુલ વી. વિજેતા થયા હતા. સ્ટુડન્ટ કાઉન્સિલની સમિતિ, સામાજીક અને સાંસ્કૃતિક સમિતિ, સાહિત્ય બાદ વકતૃત્વ, શૈક્ષણિક પ્રવાસ સમિતિ, પ્લાનીંગ ફોરમ સમિત અને મેગેઝીન સમિતિની રચના કરવામાં આવી હતી.

## પર્યાવરણ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં યુથ રેડ ક્રોસ યુનિટ દ્વારા 'પર્યાવરણ બચાવો' રેલીના કાર્યક્રમમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પર્યાવરણ બચાવના બેનરો લઈ સુત્રોચ્ચાર કરી લોકોમાં પર્યાવરણ વિશે જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો. આ રેલી સર્કિટહાઉસ થી શરૂ થઈ એમ.જી. રોડ તથા નાની ખત્રીવાડ ફરી સર્કિટહાઉસ ખાતે સંપન્ન થઈ હતી. ગુજરાત રાજયની રેડક્રોસ શાખા અને વલસાડ રકતદાન કેન્દ્રના સહયોગથી આ કોલેજમાં છેલ્લા સાત વર્ષથી કાર્યરત યુથ રેડક્રોસનું યુનિટ રેડક્રોસ કાઉન્સેલર પ્રો. રશ્મીબેન પટેલના નેતૃત્વ હેઠળ ખૂબ જ સક્રિય પણે સેવાકીય કાર્યો કરે છે.

## ચાલો કોલેજ

તા. ૧૩-૯-૧૧ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે ચાલો કોલેજ અભિયાન અંતર્ગત MMIની ટીમનું આગમન થયું હતું જેમાં શ્રી ડૉ. ઉદયન ભટ્ટ, આશીષભાઈ મોદી તેમજ ડૉ. કગથરાએ કોલેજની મુલાકાત લીધી હતી. ઈ.ચા. આચાર્ય શ્રી મનોજભાઈ રામીએ મંડળ દ્વારા સંચાલિત વિવિધ ધારાઓ તેમજ કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. ટીમના સભ્યશ્રી આશીષભાઈ મોદીએ વિદ્યાર્થીઓને MMI ટીમના કાર્યો હેતુઓ વિશે માહિતી આપી હતી. સપ્તધારા વિશે ઉંડાણપૂર્વક જ્ઞાન આપ્યું હતું. સપ્તધારાની પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ ભાગ લે તેવું જણાવ્યું હતું તેમણે BISAGE પર પ્રસારિત થતા કાર્યક્રમો વિશે માહિતી આપી હતી. તેમજ વિદ્યાર્થીઓને તે જોવા અનુરોધ કર્યો હતો. વિદ્યાર્થીઓને ૩૦ મીનીટની ફીલ્મ બતાવવામાં આવી હતી. ત્યારબાદ તાલીમાર્થી બહેનો દ્વારા સપ્તધારાગીતની રજૂઆત કરવામાં આવી હતી. ટીમના સભ્યો દ્વારા તાલીમાર્થીઓને વિવિધ અભિયાનો, સપ્તધારા, સંધાન વગેરેમાં જોડાવા માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. ત્યારબાદ ટીમના સભ્યો દ્વારા કોલેજનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

એમ.કે. મેહતા કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરગામમાં ચાલો કોલેજ અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમમાં કે.સી.જી. શિક્ષણ વિભાગના કો-ઓર્ડિનેટર પ્રા. જે.આર. દવે, પ્રાચાર્ય એ.વી. દવે અને રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના આચાર્યા ડૉ. હેમાલીબેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ આચાર્યશ્રી જિતેન્દ્રભાઈ બી. પટેલે કોલેજની સમગ્ર પ્રવૃત્તિઓનો ચિતાર એલ.સી.ડી. પ્રોજેક્ટર દ્વારા આપ્યો હતો. ત્યારબાદ કે.સી.જી. દ્વારા ચાલો કોલેજ અભિયાન અંતર્ગત ફિલ્મ બતાવવામાં આવી હતી અને તેના અનુસંધાનમાં કોલેજના તાલીમાર્થીઓને પ્રશ્નોત્તરી પ્રાધ્યાપક રિતેશભાઈ આર. પટેલે કર્યું હતું.

એસ.બી.ગાર્ડા કોલેજ, નવસારીમાં તા. ૧૩-૧૦-૧૧ના રોજ કોલેજની સપ્તધારા કાર્યક્રમની વિવિધ સમિતિઓએ "ચાલો કોલેજ" અભિયાનનો ત્રણ કલાકનો કાર્યક્રમ ઓબ્ઝર્વરોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

## સેવાકાર્ય

શ્રી એમ.કે. મેહતા બી.એડ્. કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરગામના તાલીમાર્થીઓ દ્વારા દક્ષિણ ગુજરાતના ગડત, વલસાડ, બીલીમોરા, ઉમરગામ, ખેરગામ, નવસારી, ભીલાડ, વાપી, ઉદવાડા, સંજાણ, સેલવાસ તેમજ પારડીના વિસ્તારમાં સમાજના દીન-દલિત પીડિત અને અસહાય લોકોને સહાયાર્થે બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## વિદાય


ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, એમ.એડ્.માં રીડર તરીકે કાર્યરત ડૉ. સરલાબેન સંતવાણીનો વિદાય સમારંભ યોજાયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે રજીસ્ટ્રાર ડૉ. એ.એન. ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ આ વિદાય સમારંભમાં નૃત્ય નાટીકા, ગીત, વકતૃત્વ વગેરે રજૂ કર્યા હતા. ઈ.આ. પ્રિન્સીપાલ સહિત સર્વ અધ્યાપકોએ ડૉ. સરલાબેન સંતવાણીને નવી સંસ્થામાં સફળતા પ્રાપ્તિ અંગે શુભેચ્છાઓ પાઠવી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના સિનિયર કલાર્ક શ્રીમતિ જયોતિબેન દેસાઈ અને શ્રી જગદીશભાઈ રાણાનો વિદાય સમારંભ પ્રિ. ડૉ. જે.એમ. નાયકના પ્રમુખપદે યોજાઈ ગયો. કોલેજ પરિવારે બંને કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠાને બિરદાવીને શુભકામનાઓ પાઠવી હતી.


## સ્વર્ણિમ ગુજરાત

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સ્વર્ણિમ ગુજરાત સામુદાયિક ધારા અન્વયે શિક્ષકદિનની ઉજવણી નિમિત્તે ૫ મી સપ્ટેમ્બરના રોજ એફ.વાય.બી.કોમ., એસ.વાય.બી.કોમ. અને ટી.વાય.બી.કોમ.ના ૧૫ વિદ્યાર્થીઓએ અધ્યાપક તરીકે પ્રસંશનીય કામગીરી બજાવીને વર્ગોમાં શિક્ષણ કાર્ય કર્યું હતું. સ્વર્ણિમ ગુજરાત સામુદાયિકધારા અન્વયે વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત દ્દ્ટી સપ્ટેમ્બરના રોજ પ્રેરણા સભાઓ દરેક વર્ગોમાં રાખવામાં આવી હતી. શ્રી મોહનભાઈ હોજીયાણીએ વિદ્યાર્થીઓને મને ગમતું પુસ્તક વાર્તાલાપ અને તરતુ પુસ્તક અંગે વિસ્તૃત માહિતી આપી હતી, અને વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે જરૂરી સૂચનો કર્યા હતા. એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સ્ટુડન્ટસ કાઉન્સિલની પ્લાનિંગ ફોરમ કમિટીના ઉપક્રમે ૧૨ મી સપ્ટેમ્બરના રોજ વી.એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના પ્રા. ડૉ. આશાબેન ભટ્ટે "સ્વને આળખો" વિષય પર એસ.વાય.બી.કોમ. તથા ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતું વ્યાખ્યાન આપ્યું હતું. એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓનો સ્કોપ ઓરિએન્ટેશન પ્રોગ્રામમાં તા. ૩૦મી સપ્ટેમ્બરના રોજ વી.એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના પ્રાધ્યાપિકા સંગીતાબેન શર્માએ વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા.

## પ્રકાશન



LCIT Mirror. (Sep-2011, Vol.I, Issue-1. L.C. Institute of Technology, Bharuch. Editor in Chief : Dr. D.J. Shah, Managing Editor : Prof. S.J. Patel



ઉત્કર્ષ. (અંક-૨૦. વર્ષ ૨૦૧૦-૧૧). કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ. સંપાદકો : પ્રિ. ડૉ. પ્રફુલ્લસિંહ જે. રાજ અને અન્ય.



પાથેય. (અંક-૯), બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલી. સંપાદકો : પ્રા. મનાલીબેન એન.દેસાઈ અને દશરથ ટી. પટેલ.

## કમ્પ્યૂટર

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટ્યુટ, નવસારીના વિદ્યાર્થી વિવેક જે. દેસાઈને 'આકાશ' પી.સી. ટેબ્લેટ પ્રદાન કરવામાં આવેલ છે. અભિનંદન.

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની વિદ્યાર્થિની વિભૂતિ પટેલને 'આકાશ' પી.સી. ટેબ્લેટ પ્રદાન કરવામાં આવેલ છે. અભિનંદન.

## સ્પર્ધા

નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલમાં તા. ૨૦-૧૦-૧૧ના રોજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રંગોળી સ્પર્ધામાં, પ્રથમ-પંડયા કિંજલબેન, દ્વિતીય-દોશી કિશ્નાબેન, તૃતીય-ગાંધી નિકિતાબેન, એસએમએસ સ્પર્ધામાં પ્રથમ-પંડયા ધરતીબેન જયારે ગ્રીટીંગ્સ સ્પર્ધામાં પ્રથમ-પટેલ ધારાબેન તેમજ સુરતી નુતનબેન, દ્વિતીય-સોલંકી રોશનીબેન અને તૃતીય-લુહાર અમીતાબેન વિજેતા રહયા હતાં.

રોફેલ આર્ટસ-કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૮-૧૦-૧૧ના રોજ ગરબા સ્પર્ધા, તા. ૧૦-૧૦-૧૧ના રોજ અંતાક્ષરી સ્પર્ધા અને તા. ૧૧-૧૦-૧૧ના રોજ કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તદ્‌પરાંત તા. ૧૭-૧૮ ઓકટોબર, ૧૧ દરમ્યાન કોલેજના યજમાનપદે વલસાડ જિલ્લાની જિલ્લા કક્ષાની ૨૧ સ્પર્ધાઓ યોજાઈ ગઈ. જેમાં જિલ્લાની વિવિધ કોલેજોના ૨૨૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

ડી.ડી. લો કોલેજ, નવસારીની વિદ્યાર્થિની કુ. હીરલ આર. શાહે સ્કોપા દ્વારા તા. ૩-૧૦-૧૧ના રોજ આયોજીત આંતરકોલેજ ગીત-ગાવાની સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો.

તા. ૧૭-૧૦-૧૧ના રોજ કે.પી. કોમર્સ કોલેજ, સુરત ખાતે યોજાયેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઈન્ટર કોલેજ બાસ્કેટબોલ (બહેનો) ટુર્નામેન્ટમાં કે.પી. કોમર્સ કોલેજે પ્રથમ નવનિર્માણ કોલેજ, ભરથાના ત્યારબાદ બારડોલી કોલેજ અને ફાઈનલમાં ડી.આર.બી. કોલેજ ભરથાણાને હરાવીને યુનિવર્સિટીની સતત બીજીવાર ચેમ્પીયનશીપ હાંસલ કરી હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં કોલેજની ખેલાડી બહેનો કેપ્ટન ચલકવાલા રીંકી અને શાહ ચારૂલ, ટોલકર હેમાલી, શિંગાપુરી રોશની, જાની શ્રેયા, જીવાસા પીનાઝ, મોદી દિવ્યાએ ચેમ્પીયનશીપ મેળવવામાં મહત્વની ભુમિકા ભજવી હતી. ટુર્નામેન્ટના કોચ તરીકે પ્રા. અમિત પટેલ અને મેનેજર તરીકે પ્રા. જીજ્ઞેશ ટંડેલે સેવા બજાવી હતી. અભિનંદન.




શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, વેસુમાં દિવાળી પર્વ નિમિત્તે રંગોળી, દિવા શણગાર અને આરતી શણગારની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ તાલીમાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, ભરથાણા, સુરત આયોજિત ૫મો શરદ ઉત્સવ ઉજવાયો. તેમાં શિક્ષણ ભારતી બી.એડ્. કોલેજની તાલીમાર્થીની ગરબા સ્પર્ધામાં પ્રથમ-પટેલ ફોરમ, વેલ ડ્રેસ માટે, બેસ્ટ કપલ માટે સોલંકી પ્રશાંત-જરીવાલા સ્નેહલ પ્રથમ વિજેતા થયા હતા. બેસ્ટ એકશનમાં અધ્યાપકોમાં પ્રા. દેવાંગનાબેન પટેલ તથા પ્રા. પાયલબેન પટેલ વેલડ્રેસમાં વિજેતા થયા હતા. સંસ્થા તરફથી વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

તા. ૧-૧૦-૧૧ થી ૬-૧૦-૧૧ સુધી સપ્તધારા અંતર્ગત સી.પી. ડીગ્રી કોલેજ અને એમ. આર. સાયન્સ કોલેજ ખાતે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલના ૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૨૦૦ મીટર દોડમાં વસાવા મિનીતાબહેન પ્રથમ રહયા હતા. વકતૃત્વ સ્પર્ધામાં ભાટિયા પરિમલ બીજા ક્રમે રહયા હતા. ગીત સ્પર્ધામાં પરમાર ચેતનાબેન પ્રથમ ક્રમે અને પંડયા ધરતીબેન દ્વિતીય ક્રમે રહયા હતા. હળવું કંઠયમાં પંડયા ધરતીબેન દ્વિતીય ક્રમે રહયા હતા. માઈમનાટકમાં સોની ધવલ ગૃપ પ્રથમક્રમે રહયું હતું તેમજ એકપાત્રીય અભિનયમાં ભાટિયા પરિમલભાઈ પ્રથમક્રમે રહયા હતા.

નવયુગ સાયન્સ કોલેજ, સુરતના ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. પૃથુલ આર. દેસાઈએ ઈન્ડીયન એસોશિએશન ઓફ ફીઝીકસ ટીચર્સ દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની ભૌતિકશાસ્ત્ર વિષયની નિબંધ સ્પર્ધા ૨૦૧૧માં "Suppose that..." Says a Physics teacher ! શીર્ષક હેઠળ નિબંધ રજુ કરી સમગ્ર દેશમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. અભિનંદન.




## આરોગ્ય

જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ પી.એચ. દેસાઈ કોમર્સ કોલેજ અને કોલેજ એમ્પલ સ્થિત સ્વર્નિભર કોલેજો, અમરોલીમાં એન.એસ.એસ., સુરત રકતદાન કેન્દ્ર, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ઈન્ડિયન મેડીકલ એસોસીએશન, ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન, સુરત, અમરોલી મેડીકલ સર્કલના સહયોગથી તા. ૧૪-૧૦-૧૧ના રોજ યોજવામાં આવેલ દ્વિતીય રકતદાન શિબિરમાં ૩૦ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતું. રકતદાતાઓને સુરત સાંઈ સેવા સમિતિ, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ફેમિલી ફિઝિશ્યન એસોસીએશન, સુરત તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારીમાં તા. ૧૭-૧૦-૧૧ના યોજાયેલ રકતદાન કાર્યક્રમમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતું. જેમાં ૫૦ બોટલ રકત એકત્રિત કરીને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, નવસારીમાં જમા કરાવવામાં આવ્યું હતું. તદ્‌પરાંત વિદ્યાર્થીઓનું બ્લડ ગ્રુપ પણ કરવામાં આવ્યું હતું.



## વાલી સંમેલન

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, વેસુમાં વાલી સંમેલન યોજાયું. જેમાં ઈ.ચા. આચાર્યા નયનાબેને ચૌહાણે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. અતિથિ વિશેષ તરીકે કેમ્પસ ડાયરકેટર ડૉ. એ.કે. દવે અને ડૉ. એ.એન. ઠાકર ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં આર્શીવાદ મંડળની રચના કરવામા આવી હતી.

## મુલાકાત

ડી.ડી. લો કોલેજ, નવસારીના વિદ્યાથીઓએ તા. ૧-૧૦-૧૧ના રોજ નવસારી સ્થિત પારસી ઈન્ફરમરીની મુલાકાત લઈને વિદ્યાર્થીઓએ એકત્ર કરેલ ભંડોળમાંથી વૃધ્ધાઓને ખાદ્યસામગ્રી તેમજ ચીજવસ્તુઓનું વિતરણ કર્યું હતું. ગાંધીનગરની ચલો કોલેજ અભિયાન ટીમે તા. ૧૫-૧૦-૧૧ના રોજ "ચલો કોલેજ અભિયાન" અંતર્ગત મુલાકાત લઈને સપ્તધારા અંગે માહિતીઓ પૂરી પાડી હતી.

## વર્કશોપ

રોફેલ આર્ટસ-કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૭-૮- ઓકટોબર ૧૧ દરમ્યાન શ્રી કેયુર શાહ, શ્રી હર્ષિલભાઈ, શ્રી પ્રભાત દુબે, શ્રી દીપેશ શાહ અને શ્રી અમીત મહેતાએ 'સ્પર્ધાત્મક પરીક્ષા'ના વર્કશોપમાં ૫૬ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. તદ્‌પરાંત તા. ૩૦-૯- અને ૧-૧૦-૧૧ દરમ્યાન શ્રી પ્રીતેશ પટેલ, શ્રી દીપેશ શાહ તથા વાપી સ્થિત પ્રતિષ્ઠિત કંપનીઓ સી.ઈ.ઓ.એ તૃતીય વર્ષ બી.એ., બી.કોમ. અને એમ.કોમ.ના ૫૫ વિદ્યાર્થીઓને How to Face an Interview શીર્ષક અંતર્ગતના વર્કશોપમાં તાલીમ આપી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**ડાયનેટિકસ**

એલ.એન.હબર્ડ

ડેન્માર્કઃ ન્યૂ એરા પબ્લિકેશન્સ, ૨૦૦૯. પૃ. ૬૭૧.

ડાયનેટિકસ (ગ્રીક શબ્દ ડિયા "દ્વારા" અને "નૂસ" આત્મા" (dia "through" and nous "soul") મન અને આત્માના મૂળ સિધ્ધાન્તોને રેખાંકિત કરે છે. સંશોધનો અને પ્રયોગો દ્વારા સાબિત થઈ ચૂકયું છે કે ડાયનેટિકસ એક એવા વ્યકિતત્વની સાથે કામ કરી રહયું છે જે સમયથી સ્વતંત્ર છે-મનુષ્ય આત્મા મૂળરૂપે જેન "હું" કહેવામાં આવે છે અને ત્યારબાદ "આત્મા". અહીંથી લેખકે પોતાના સંશોધનને આગળ વધાર્યું છે અને અંતે વ્યકિત માટે એક સંપૂર્ણ આત્મિક સ્વતંત્રતા માટે માર્ગ પ્રશસ્ત કર્યો છે.

લેખકનું ધાર્મિક સાહિત્ય અને કાર્યોનો એક ભાગ એટલે આ ગ્રંથ. અને કોઈપણ રીતે લેખક, પ્રકાશક અથવા સાઈન્ટોલોજીની કોઈપણ સંસ્થા દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા દાવાઓનું અહીં કોઈ નિવેદન નથી. લેખક દ્વારા મનુષ્યના જીવન અને સ્વભાવ સંબંધિત વિષયમાં કરવામાં આવેલાં નિરીક્ષણ અને સંશોધનનો સાર આ ગ્રંથમાં છે.

આ ગ્રંથ છેલ્લાં પચાસ વર્ષોથી પણ વધારે સમયથી સૌથી વધારે વેચાણ ધરાવતું પુસ્તક છે. આ પુસ્તકમાં વર્ણન કરવામાં સંશોધનોથી વધારે ઉપયોગી માનવામાં આવે છે. આ પુસ્તકની બે કરોડથી પણ વધારે નકલો પ્રકાશિત થઈ ચૂકી છે અને એવા આંદોલનને જન્મ આપ્યો છે અને ૧૦૦ થી પણ વધારે દેશોમાં ફેલાઈ ચૂકયું છે. નિઃસંદેહ આજદિન સુધી માનવ મન વિષય સંબંધિત લખવામાં આવેલાં પુસ્તકો કરતાં પણ વધુ પ્રભાવશાળી આ પુસ્તક છે.

રિએકિટવ માઈન્ડની સંપૂર્ણ સંરચના અને વ્યાખ્યા આ ગ્રંથમાં પ્રસ્તુત કરવામાં આવેલી છે, જે મનુષ્યને ગુલામ બનાવતાં દુઃસ્વપ્નો, અજાણ્યો અને કાલ્પનિક ભય, ચિંતાઓ અને અસુરક્ષાની ભાવનાઓનો તે સ્ત્રોત છે જેને હજુ સુધી ઓળખી શકાયો નથી. આ પુસ્તક આ સર્વ બાબતોની મુકિત મેળવવા માટેનો માર્ગ દર્શાવે છે અને તે અવસ્થાને પ્રાપ્ત કરવા માટે સહાય કરે છે જેણે હજુ સુધી મનુષ્યએ ફકત સ્વપ્ન જોયું છે.

આ ગ્રંથમાં માનવીનું લક્ષ્ય, અસ્તિત્વની પ્રેરણા શકિત-આ એક એવો શબ્દ જે જીવનનાં બધા જ સ્વરૂપોને દર્શાવે છે. ચાર ડાયનેમિકસ-એવી પ્રેરણાઓ જેના આધારે સંપૂર્ણ જીવનને વર્ગીકૃત કરવામાં આવેલ છે. ઉત્તરજીવિતાનો વ્યાખ્યાત્મક ગ્રાફ-જે વ્યકિતની વાસ્તવિક ક્ષમતાઓને રજુ કરે છે અને દર્શાવે છે કે કેવી રીતે વ્યકિતની વાસ્તવિક ક્ષમતાઓને પ્રાપ્ત કરવામાં આવે. રિએકિટવ માઈન્ડની શોધ અને તેની સંપૂર્ણ સંરચના. પીડાદાયક અનુભવ-જે રિએકિટવ માઈન્ડમાં હોય છે અને વ્યકિતને અવિવેકપૂર્ણ રીતે પોતાની ઈચ્છાઓ અને લક્ષ્યો વિરુધ્ધ કાર્ય કરવા માટે નિર્દેશ કરે છે.

પ્રસવપૂર્ણ એનગ્રામ્સનો પ્રભાવ-જે આપણે પેદા થઈએ તે પહેલાં બન્યા હતા અને કઈ રીતે જન્મથી આજદિન સુધી આપણને પ્રભાવિત કરી રહયાં છે. આ હાનિકારક અનુભવોને શોધવા અને સમાપ્ત કરવા માટે ડાયનેમિકસની સંપૂંર્ણ પ્રક્રિયાઓ જેનાથી તે ફરીવાર આપણને પ્રભાવિત ન કરી શકે અને આપણે તેવા વ્યકિતને જાણી શકીએ જે આપણે હંમેશા જાણવા ઉત્સુક રહીએ છીએ-સ્વંય ને.

આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

**બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિયન**

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46  Fax : +91 - 261 - 222 73 12  Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**

**Published by : J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat. Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com

dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

November 2011 | For private circulation only | Vol. 03 - Issue 69

પ્રાર્થના જીવનનું બળ છે. વિષમ પરિસ્થિતિમાં મુકાયેલા, શોકમાં ડૂબેલા, હતાશ, પોતાને અસહાય અને અંધકારમાં ખોવાયેલા અનુભવતા મનુષ્યને, સાચા, ઊંડા ભાવથી કરેલી પ્રાર્થના, તેની સ્થિતિમાંથી ઉપર ઊંચકી લઈ એક મહત્ ચૈતન્ય સાથે તેનો સંબંધ જોડી આપે છે. મને માત્ર શ્રદ્ધા જ નહિ, પ્રતીતિ છે કે ભગવાન આપણી પ્રાર્થના સાંભળે છે અને પોતાની રીતે તેનો જવાબ પણ વાળે છે.

કુન્દનિકા કાપડીઆ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

સમગ્ર જગત પરમાત્માથી છવાયેલું છે. પરમાત્મા અંશ અંશ - ઘટ ઘટમાં સમાયેલો છે. માણસ માત્ર એને પામવાની મથામણ કરે છે. એ સાક્ષર હોય કે નિરક્ષર; શ્રીમંત હોય કે ગરીબ. પરમાત્માની અદમ્ય ઝંખના એના સ્વભાવમાં પડેલી હોય છે. જો કે, બધાંને એ પ્રાપ્ત થતો નથી. કોઈકે સાચું જ કહ્યું છે કે, ભગવાન તો ભાગ્યવાનને જ મળે. પરમાત્મા અનુભવનો અને અનુભૂતિનો વિષય છે. રાધાને જ કૃષ્ણ મળે. શબરીને જ રામ મળે. કેમકે, કૃષ્ણને પામવા માટે રાધાનું હૃદય જોઈએ - પ્રેમરસ તરબોળ હૃદય. શબરીના એંઠા બોર રામ હોંશે હોંશે આરોગે. આપણે કાશ્મીરી સફરજન કે મોહનલાલનો હલવો ધરાવીએ તો પણ ન ચાખે ! સવાલ શ્રદ્ધાનો છે, વિશ્વાસનો છે, પ્રેમનો છે.

પરમાત્માને પામવા માટે આપણે પ્રાર્થના કરીએ છીએ. પ્રાર્થના કેવળ શબ્દ રમત નથી; એ તો એક ભાવ છે, હૃદયની ભાવદશા છે. પ્રાર્થના કોઈ માર્ગ નથી, એ તો અભિવ્યકિત છે. પ્રાર્થનાનો આરંભ ભલે શબ્દોના માધ્યમથી થાય પણ એનું અંતિમ નિઃશબ્દ હોય. પ્રાર્થના માણસ અને પરમાત્મા વચ્ચેનો મૌન સંવાદ છે. વૃક્ષને પાંદડાં આવે એટલી સહજ રીતે આપણાં હૃદયમાંથી પ્રાર્થનાભાવ જાગવો જોઈએ. રામ નામ કોઈ કામ નથી. ક્રિયાકાંડ નથી ! એ નામ તો અંતર સાગરમાંથી પ્રગટતાં ભાવમોજાં છે. પરમાત્માના નામસ્મરણમાં નામ પર ભાર મૂકવાનો નથી, ભાર મૂકવાનો છે તે તો સ્મરણ પર; અને સ્મરણ હૃદયના ઊંડાણની સાથે જોડાયેલું છે. આપણે ત્યાં કહેવત છે કે : મન વગરનું મળવું, ભૂખ વગરનું ખાવું અને હૃદય વગરનું ગાવું નિરર્થક છે. પ્રાર્થના હૃદયથી ગવાતું સુમધુર ગીત છે. કેટલાંક લોકો પરમાત્માને આદતવશ યાદ કરે છે, કેટલાક વ્યવસાયિક રીતે યાદ કરે છે. સાધુ, સંતો, પાદરી, પુરોહિત બધાં વ્યવસાયિક રીતે યાદ કરે છે. તેમને પરમાત્માથી કોઈ સંબંધ નથી. તેમને પરમાત્માના નામ સ્મરણનું વેતન મળે છે. કેટલાક લોકો પરમાત્માને ટેવવશ યાદ કરે છે. યંત્રવત; કેમ કે, બાળપણથી એને એવું શીખવવામાં આવ્યું છે. પ્રાર્થના આ બન્નેથી દૂરની વાત છે. પ્રાર્થના કશી માંગણી યે નથી. પ્રાર્થના નિર્વાસના હોય, અપેક્ષા શૂન્ય હોય. પરમાત્માને ઊંડા પ્રેમથી યાદ કરવા તે જ પ્રાર્થના છે. જે મળ્યું છે એનો આનંદ વ્યકત કરવાનો, આભાર પ્રગટ કરવાનો એ એક તરીકો છે પ્રાર્થના કરવાનો. પ્રભુ સ્મરણ કરવામાં જાતનું સમર્પણ કરવું પડે.

એક સાધુ ૨૦ વર્ષથી પ્રાર્થના કરે. એક સવારે એ પ્રાર્થના કરતો હતો ત્યારે આકાશવાણી થઈ. ભગવાને કહ્યું : સાધુ, તું ૨૦ વર્ષથી રોજ સવારે પ્રાર્થના કરે છે પણ તારી એકે ય પ્રાર્થના મેં સ્વીકારી નથી. આ સાંભળી સાધુ આનંદવિભોર થઈ નાચવા કૂદવા લાગ્યો. બાજુમાં બીજો એક સાધુ ઊભો હતો એણે કહ્યું : બેવકૂફ તારે તો રડવું જોઈએ. તારી પ્રાર્થના પ્રભુએ સ્વીકારી નથી. સાધુ કહે : એણે મારી પ્રાર્થના ભલે ન સ્વીકારી પણ સાંભળી તો છે !!!

ફળ મળે કે ન મળે. ફળને મારો તીર.

'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન !'

કવિ ઉશનસ્ લખે છે :

"તું પૂછે છે પ્રશ્ન, પ્રશ્નોની મના છે;
મૌન પણ કયારેક મોટી પ્રાર્થના છે
એમની સામે ઊભો રહે આંખ મીંચી,
આંખ સાચી મીંચવી તે પ્રાર્થના છે."

ગાંધીજીએ કહ્યું હતું 'પ્રાર્થના એ આત્માનો ખોરાક છે.' ખોરાક વિના જેમ શરીર ન ટકી શકે તેમ પ્રાર્થના વિના આત્મા ન ટકી શકે. પ્રાર્થના એ કેવળ માગણક્રિયા નથી. પ્રાર્થના નિઃસ્વાર્થ હોય, નિષ્કામ હોય. વળી, એ શ્રદ્ધાપૂર્ણ હોય. આજનો માણસ તો મંદિરમાં જઈ ભગવાનના ચરણે એક ફૂલ ધરી એની પાસે આખો બગીચો માંગી લે છે ! ફક્ત દુઃખના દિવસોમાં જ નહીં, સુખના સમયમાં પણ પ્રાર્થના થતી રહેવી જોઈએ. આપણી શિક્ષણ સંસ્થાઓમાં યોજાતી પ્રાર્થના પ્રવૃત્તિ મટીને વૃત્તિ બની જાય તે જરૂરી છે. તીવ્ર તાલાવેલી, ઉત્કટ મિલન ઝંખના, નિર્મળ હૃદય, મનની એકાગ્રતા હોય તો પરમાત્મા મળે મળે ને મળે જ. મંદિરમાં પ્રવેશ કરતી વેળા પગરખા જ નથી ઊતારવાના અભરખા ય ઊતારવાના છે. થોડા દિવસ પહેલાં એક એસ.એમ.એસ. આવ્યો હતો - "મંદિરમાં પ્રવેશેલો પથ્થર પણ ભગવાન બની જાય છે એ જ મંદિરમાંથી બહાર નીકળેલો માણસ પથ્થર કેમ બની જાય છે ?" સવાલનો જવાબ શોધજો.

૧૫ ઓકટોબર, ૨૦૧૧

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ